# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

ગ્રામવિદ્યા શાખા

## એફ.વાય.બી.આર.એસ.

## વિષય : ગુજરાતી

## (GUJARATI)

---

૧. પ્રસ્તાવના :

વ્યકિતની ભાષા અભિવ્યકિત માટે માતૃભાષા જ સૌથી સક્ષમ માધ્યમ છે. તે વાત સર્વ સ્વીકૃત છે. શાળાના અભ્યાસકાળ દરમિયાન વિદ્યાર્થી માતૃભાષાનું શિક્ષણ લેતો આવે છે.ગ્રામવિદ્યામાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને એક વિષય તરીકે કહો કે ફરજિયાત વિષય તરીકે ગુજરાતી ભાષા અને સાહિત્યનું શિક્ષણ આપવાનું થાય છે. શાળા જીવન દરમિયાન ગુજરાતી ભાષાનું શિક્ષણ જે રીતે એણે મેળવ્યું છે એ જ રીતે યુનિવર્સિટી કક્ષાએ આપવાનું થાય ત્યારે એને અત્યાર સુધી મેળવેલી તાલીમને વધારે સઘન બનાવવાની જવાબદારી આવી પડે છે.

૨. હેતુઓ :

(૧) માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીને અર્થગ્રહણ અને શુદ્ધ અભિવ્યકિતની કંઈક તાલીમ મળી હોય છે તે આ કક્ષાએ પણ ચાલુ રાખવી પણ ઉચ્ચ શિક્ષણની આ કક્ષાએ વિદ્યાર્થીને સાહિત્યિક દૃષ્ટિએ કૃતિ, કર્તા અને સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં આસ્વાદ–રસદર્શન– મૂલ્યાંકન કરવાના હોવાથી એને માટે આવશ્યક એવી અર્થગ્રહણ અને અભિવ્યકિતની પણ તાલીમ આપવી.

(૨) સ્વઅધ્યયન, પૃથ્થકરણ, ચર્ચા, અર્થઘટન અને વિવેચનની વિદ્યાર્થીની શકિતના વિકાસમાં ધ્યાન આપવું.

(૩) શ્રવણ અને વાંચન દ્વારા અર્થગ્રહણનું કૌશલ્ય કેળવવું, રાજય, રાષ્ટ્ર કે વિશ્વની ઉત્તમ સાહિત્યકૃતિનો આસ્વાદ કરી શકે તેવી રુચી– શકિત કેળવવા કોશિશ કરવી.

(૪) કથન અને લેખન દ્વારા અભિવ્યકિતનું કૌશલ્ય કેળવવું તેમાં નીચેની બાબતો પર ભાર મૂકવો.

  (અ) પોતાના વિચારો સ્પષ્ટ અને શુદ્ધ– સાચી રીતે રજૂ કરવાની શકિત વિકસાવવી. વિષય વસ્તુની વ્યવસ્થિત અને અસરકારક રજૂઆત કરવાની શકિત વિકસાવવી.

  (બ) શબ્દો, શબ્દસમૂહો, કહેવતો, રૂઢિપ્રયોગો અને વાકયખંડોનો યોગ્ય ઉપયોગ કરવાની શકિત વિકસાવવી.

  (ક) ભાષાના પાયાનાં ગઠનોની વ્યાકરણીય સમજ મેળવી વાકયો અને કંડિકાઓનું સાચું–સારું સ્વરૂપ યોજવાની શકિત કેળવવી.

(૫) સમગ્રતયા વિદ્યાર્થીના સંસ્કાર, ભાવના–વિચારો,રુચિનો સમતોલ વિકાસ સધાય સાહિત્યકળાનો આનંદ તે મેળવે અને તેનું ભાવ કૌશલ્ય વિકસે. આ બધાં અંગે પોતે જાતે કંઈક મહેનત કરી શકવાની સ્થિતિમાં મુકાય તેવી કોશિશ કરવી.

૩. માળખું :

| અઠવાડિક વર્ગો | આંતરિક ગુણ | વર્ષાન્ત ગુણ | કુલ ગણ | વર્ષાન્ત પરીક્ષાનો સમય |
|---|---|---|---|---|
| ૪ | ૩૦ | ૭૦ | ૧૦૦ | ૩ કલાક |

૪. અભ્યાસક્રમ :

એકમ – ૧ ગદ્ય વિભાગ :

માનવીય મૂલ્યોને પોષક અને તેને કલામય રીતે પ્રગટ કરતી જીવન અને જગત પ્રત્યેનું તાત્વિક અને દાર્શનિક દૃષ્ટિબિંદુને ઉજાગર કરતું હોય તેવા ગુજરાતી ભાષાની કોઈ એક ગદ્યકૃતિનો સાહિત્યિક દૃષ્ટિએ સાંગોપાંગ અભ્યાસ.

પાઠયપુસ્તક : શ્રી જયોતિન્દ્ર દવે કૃત ' શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ '
સંપાદક : વિનોદ ભટ્ટ
પ્રકાશક : આદર્શ પ્રકાશન, અમદાવાદ.

- ' શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ ' ના લેખકનો સમગ્રલક્ષી પરિચય.
- ' હાસ્ય રચના ' સ્વરૂપ / લક્ષણોનો પરિચય.
- શ્રેષ્ઠ હાસ્ય સાહિત્યના વિકાસમાં મુખ્ય સર્જકોનો ફાળો.
- અભ્યાસક્રમમાં સમાવેલ શ્રેષ્ઠ હાસ્ય રચનાઓ.

| | |
|---|---|
| ૧. હું જયોતીન્દ્ર હ. દવે | ૬. સાહિત્ય પરિષદ |
| ૨. મારો દર્દી | ૭. મારી વ્યાયામ સાધના |
| ૩. ચોરોના બચાવમાં | ૮. પસંદગીની મુંઝવણ |
| ૪. ખોટી બે આની | ૯. ' નથી ' નું મહત્વ |
| ૫. બુદ્ધિની કસોટી | ૧૦. ઈતિહાસની નવરચના |

એકમ –૨ પદ્ય વિભાગ :

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાંથી પસંદ કરેલા ઉત્તમ કાવ્યોની બસો થી અઢીસો પંકિતઓનો સાહિત્યિક આસ્વાદ, વિવેચનાત્મક દૃષ્ટિકોણથી અભ્યાસ.

| | | | |
|---|---|---|---|
| (૧) | ગમતાં નો કરીએ ગુલાલ | – | મકરંદ દવે |
| (૨) | પરથમ પરણામ મારા | – | રા.વિ. પાઠક |
| (૩) | રસ્તા વસંતના | – | મનોજ ખંડેરિયા |
| (૪) | ગાંધી જયંતિ તે દિને | – | ઉમાશંકર જોશી |
| (૫) | અત્તરિયાને | – | બાલમુકુંદ દવે |
| (૬) | અજવાળાં ઝકોરા | – | ભાનુપ્રસાદ પંડયા |
| (૭) | હાથ મેળવીએ | – | નિરંજન ભગત |
| (૮) | ચિતારો | – | જયંત પાઠક |
| (૯) | ક¹હાનાનું કામ | – | સરોદ (મનુભાઈ ત્રિભુનદાસ ત્રિવેદી) |
| (૧૦) | સૌરભ બંધાઈ કોણે સાંભળી | – | સુધાંશુ |
| (૧૧) | શૂન્ય કરતાં તો | – | અમૃત ઘાયલ |
| (૧૨) | આરસના મોર | – | રમેશ પારેખ |

એકમ – ૩ ભાષા અભિવ્યકિત : લેખન, ભાષાશુદ્ધિ, ભાષા અને ઉપયોગો.

૩.૧ ગુજરાતી ભાષામાં જોડણીનું મહત્વ, મહત્વનાં જોડણીના નિયમોની સદૃષ્ટાંત સમજૂતી.

૩.૨ ગુજરાતી ભાષામાં વિરામચિહ્નોનું મહત્વ અને ગુજરાતી ભાષામાં વપરાતા વિરામચિહ્નોની સઉદાહરણ સમજૂતી.

એકમ – ૪ લેખન વિભાગ :

૪.૧. પત્ર લેખન
૪.૨. અરજી લેખન
૪.૩. અહેવાલ લેખન.

એકમ – ૫

૫.૧ ગદ્ય – પદ્ય કૃતિના સંદર્ભે આવતા અલંકારોનો અભ્યાસ.
૫.૨ રૂઢિ પ્રયોગો અને કહેવતો.

૫. <u>શિક્ષણ પદ્ધતિ</u> :

વ્યાખ્યાન, પ્રશ્નોતરી, વર્ગનોંધ, ચર્ચા, ગ્રંથાલય વાંચનનોંધ, પ્રાસંગિક નાના લખાણો, વકતવ્યો, પરિસંવાદો અને સંમેલનોમાં ભાગીદારી.

૬. <u>મુલ્યાંકન પદ્ધતિ</u> :

૧. સ્વાધ્યાય
૨. પ્રશ્નોત્તર
૩. પરીક્ષા પ્રવિધિ
૪. અહેવાલ લેખન

૭. <u>સહ અભ્યાસ પ્રવૃત્તિ</u> :

૧. વિદ્યાર્થીઓ કોઈ એક હસ્તલેખિત ભીંતપત્રનું સંચાલન કરશે.
૨. બુલેટિન બોર્ડ ઉપર નિયમિત સુવાકયો લખાય તેની કાળજી રાખશે.
૩. વર્ષમાં કોઈ એક પ્રસંગને અનુરૂપ વિદ્યાર્થીઓ હસ્તલેખિત અંક બનાવશે.
૪. ગુજરાતી વિષયને ધ્યાનમાં રાખી દરેક વિદ્યાર્થી સત્રદિઠ એક સ્વાધ્યાય બનાવશે.
૫. સંસ્થામાં થતા પ્રસંગોની ઉજવણીનો અહેવાલ તૈયાર કરશે.

૮. <u>સંદર્ભ ગ્રંથો</u> :


| | | | |
|---|---|---|---|
| ૧. | ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ– ૧ થી ૪ | – | ગુજરાતી સાહિત્ય પરિષદ |
| ૨. | સાહિત્યનો આસ્વાદ અને છંદ અલંકાર ચર્ચા | – | રમેશ શુકલ |
| ૩. | સાચી જોડણી અઘરી નથી | – | યશવંત દોશી |
| ૪. | જોડણી પ્રવેશ | – | રતિલાલ સાં. નાયક |
| ૫. | ગુજરાતીમાં વિરામચિહ્નો | – | શ્રી મોહનભાઈ પટેલ/ચંદ્રકાન્ત શેઠ |
| ૬. | ગુજરાતી સાહિત્ય સ્વરૂપો | – | રતિલાલ નાયક |
| ૭. | પત્ર લેખન કળા | – | મહેન્દ્ર મેઘાણી |
| ૮. | ગુજરાતી પત્ર લેખન | – | બી.એચ. ભાવસાર |
| ૯. | ગુજરાતી વ્યાકરણ વિચાર | – | ચંદ્રકાન્ત શેઠ |
| ૧૦. | ઉદગમ દર્શન | – | ચિમનલાલ ત્રિવેદી |
| ૧૧. | અલંકાર દર્શન | – | કે.કા. શાસ્ત્રી |
| ૧૨. | અખંડ આનંદ | – | માર્ચ–૨૦૦૨,ઓગસ્ટ–૨૦૦૨, જાન્યુ.–૨૦૦૩ |
| ૧૩. | કવિલોક | – | નવે.,ડિસે.–૨૦૦૨,૨૦૦૩ |
| ૧૪. | ત્રૈમાસિક | – | સપ્ટે.– ૧૯૯૩ |